તાત્કાલિક

નં મક/અવ/પોમેસ્કો/૨૦૧૬-૧૭/૬૬૫૦ થી ૬૯૦૪

મદદનીશ કમિશનર વર્ગ -૧ (આવિ)ની કચેરી,

બ્લોક એ/છઠો માળ બહુમાળી મકાન,

લાલ દરવાજા, અમદાવાદ.

તા.૨૬/૧૧/૨૦૧૬

પ્રતિ,

આચાર્યશ્રી/પ્રિન્સીપાલશ્રી/ડીનશ્રી

.............................................

.............................................

વિષય: શાળા/કોલેજમાં અભ્યાસ કરતા વિધાર્થીઓની શિષ્યવૃતિની રકમ નેશનલ સ્કોલરશિપ પોર્ટલ ધ્વારા ચૂકવવા બાબત.

સંદર્ભ:(૧)આ કચેરીના પત્રનં મક/અવ/પો.મેસ્કો/૨૦૧૬-૧૭/૨૮૨૭ થી ૪૨૨૬ તા: /૫/૨૦૧૬.

(૨) આ કચેરીના પત્રનં આવિ/મક ૨૦૧૬-૧૭/૯૩૬ થી ૧૨૦૬ તા. ૧૭/૧૦/૨૦૧૬.

ઉપરોક્ત વિષય સંદર્ભ પરત્વે જણાવવાનુકે વર્ષ ૨૦૧૬-૧૭મા અનુ.જનજાતિના વિધાર્થીઓની શિષ્યવૃતિની દરખાસ્ત કરવા બાબતે પરિપત્ર મોકલવામા આવેલ છે. ત્યારબાદ ભારત સરકારશ્રીના આદિજાતિ મંત્રાલય, નવી દિલ્હી તરફથી મળેલ સુચના અન્વયે ધો:૯,૧૦ પ્રિ મેટ્રીક તથા ધો:૧૧,૧૨ અને કોલેજમા અભ્યાસ કરતા અનુ.જનજાતિના વિધાર્થીઓની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિની અરજી નેશનલ સ્કોલરશીપ પોર્ટલ ઉપર ઓનલાઈન કર્યા પછી જ ચુકવવાનું જણાવતા તે અંગે તા: ૨૧/૮/૨૦૧૬ ના રોજ દિવ્ય ભાસ્કર તથા તા: ૨૫/૯/૨૦૧૬ ના ગુજરાત સમાચાર દૈનિક વર્તમાનપત્રમાં વિગતવાર સમજ આપતી જાહેરખબર પ્રસિધ્ધ કરવામા આવેલ છે, અને તા: ૨૩/૮/૨૦૧૬ ના રોજ સેમિનારમા આ ઓનલાઈન અરજી કરવા બાબતે સંસ્થાના કર્મચારીશ્રીઓને વિસ્તુત સમજ આપવામા આવેલ છે. તે મુજબ આપની સંસ્થાના વિધાર્થીઓના સ્કોલરશીપના ફોર્મ ઓનલાઈન કરાવી દરખાસ્ત રજુ થયેલ છે. હજુ જો કોઈ સંસ્થાને રજીસ્ટ્રેશન કરાવી દરખાસ્ત રજુ કરવાની અને વિધાર્થીઓને ઓનલાઈન અરજી/ વિધાર્થીવાર, સંસ્થાવાર/કરવાની બાકી હોય તો તા; ૩૦/૧૧/૨૦૧૬ સુધીમાં નેશનલ પોર્ટલ૦૨ પર અરજી રજીસ્ટ્રેશન કરવાની છેલ્લી તારીખ છે અને આમાં કોઈ જ મુદત વધારવામા આવનાર નથી. આ તારીખ બાદ કોઈપણ પ્રકારે કોઈ જ દરખાસ્ત સ્વીકારી શકાશે નહી.

ઓનલાઈન અરજી કર્યા બાદ મહત્વપૂર્ણ તબક્કો આપની કક્ષાએથી આપની સંસ્થાના વિધાર્થીઓએ સ્કોલરશીપ માટે ઓનલાઈન અરજી કરેલ છે તેનુ વેરિફિકેશન ( રજુ થયેલ આધારોની અને પાત્રતાની ચકાસણી) કરી. આ બધી જ અરજીઓ જિલ્લા કક્ષાએ મદદનિશ કમિશનરશી, આદિજાતિ વિકાસ,ને ઓનલાઈન ફોરવર્ડ કરવાની થાય છે.

અધતન તારીખે હજું જિલ્લામાં ૧૦% થી વધુ આદિજાતિની સ્કોલરશીપ અરજીઓ સંસ્થાઓ તરફથી વેરિફિકેશન કરી ઉપરોક્ત જણાવ્યા મુજબ જિલ્લા કક્ષાએ ફોરવર્ડ કરવામા આવી નથી જે ઘણી જ ગંભીર બાબંત છે.

તા: ૩૦/૧૧/૨૦૧૬ સુધીમાં આપની સંસ્થાના તમામ સ્કોલરશીપ મેળવવા પાત્ર વિધાર્થીઓની અરજી વેરિફાઈડ કરી. જિલ્લા કક્ષાએ ઓનલાઈન મોકલી આપવા આ પરિપત્ર થી તાકીદપૂર્વક જણાવવામાં આવે છે.

ઉપરોક્ત પ્રકારે કાર્યવાહી તા: ૩૦/૧૧/૨૦૧૬ સુધીમાં પૂર્ણ કરી આ સાથે સામેલ પત્રક મુજબ વિગતો તા: ૨/૧૨/૨૦૧૬ સુધીમાં સરકારી કુમાર છાત્રાલય હોસ્ટેલ, નાના બજાર, વલ્લભવિધાનગર. તા.જિ. આણંદ મુકામે રજુ કરવા નોંધ લેવા વિનંતી છે.

મદદનીશ કમિશનર
આદિજાતિ વિકાસ
અમદાવાદ

બિડાણ: પત્રક.

નકલ સવિનય રવાના :—

૧. માન. કમિશનરશ્રી આદિજાતિ વિકાસ.
(૩૦૧૧૨૦૧૬ સુધીમાં સ્કોલરશીપ પો.મે.સ્કો, પ્રિ.મે.સ્કો ની અરજીઓનું વેરીફીકેશન પૂર્ણ કરવા કરેલ કાર્યવાહીની જાણ સારું)

૨. નકલ રવાના :—
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
આણંદ, ખેડા. (જરૂરી સૂચના થવા સારું)

**પત્રક**

શાળા/કોલેજનુ નામ.......................................................મુ.................તા...............જિ............

નામ/કોન્ટેક્ટ નંબર .......................................................

ઈ-મેલ એડ્રેસ............................................

| અ.ન | વર્ગ<br>ધો: ૯,૧૦<br>ધો ૧૧,૧૨<br>કોલેજ<br>FY,SY,TY | જિલ્લા કચેરીમાં રજુ કરેલ દરખાસ્તમા વિધાર્થીઓની સંખ્યા (ઓનલાઈન વાળા) | | | નેશનલ સ્કોલરશીપ પોટ્રલ ઉપર ઓનલાઈન એપ્લિકેશન વેરિફાઈ કરી સેન્ટ કરેલ વિધાર્થીઓની સંખ્યા | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|
| | | ફ્રેશ | રીન્યુઅલ | કુલ | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

સહી/સિક્કો